**મહે.સુરતના ચોથા એડી.સિવિલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ, સુરત**

રૂમ નં–૨૩, FTC બિલ્ડીંગ, ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત

ફોજદારી કેસ નંબર– /૨૦

**આંક–**

ફરીયાદી **:** સરકારશ્રી

વિરૂદધ

આરોપી **:**

**<u>ગુન્હો : આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબનો</u>**

**<u>–:ચુકાદો:–</u>**

૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક–૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આરોપી ગરીબ મજુર વર્ગના હોય અને તેઓની પાસે ખાવાના પૈસા ન હોય તે કોર્ટ રૂબરૂ હાજર થઈ તે અંગેની જાણ કોર્ટને કરે છે. કોર્ટમાં ઉભાપગે આરોપીને જોઈને તેઓની પરિસ્થિતિ ધ્યાને લેતા, અને આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>–: હુકમ : –</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રોસી. કોડની કલમ–૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા. (અંકે રૂપિયા ) પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં વાહન સંબંધે અત્રેની અદાલતમા કોઈ વ્યક્તિએ કલેઈમ કરેલ નથી. કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.–૦૯/૦૯/૨૦૨૩ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

– Sd/ –

સ્થળ : સુરત

આકાર એલ. ત્રિવેદી

ચોથા અધિક સીવિલ જજ અને

જ્યુડી. મેજી.ફ.ક., સુરત